અપીલ અરજી નં.૨૨૦ તા.૧૨–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલની તા.૧૯–૫–૧૧ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરતના સબ ડીસ્ટ્રીકટ તાલુકા સીટીના મોજે **ગામ બમરોલીના** ટી.પી. સ્કીમ નં. ૭૨માં સાઈટ **Site And Service For S.M.C.( H-11)** માં સને ૨૦૦૧ અગાઉ તથા ત્યારબાદ અને હાલમાં કયા કયા બ્લોક નંબર રીઝર્વેશનમાં મુકાયેલા છે. તે નંબરોની માહિતી આપવા બાબત તથા તેમ કરવાના મિલકત નંબર સહિતનાં ફેરફારોના કારણોની માહિતી આપવા બાબત વિગેરે તમામ રેકર્ડની સહી સિકકાવાળી નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૨૦/૨૦૧૧–૧૨

શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલની તા.૧૯–૫–૧૧ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરતના સબ ડીસ્ટ્રીકટ તાલુકા સીટીના મોજે **ગામ બમરોલીના** ટી.પી. સ્કીમ નં. ૭૨માં સાઈટ **Site And Service For S.M.C. ( H-11)** માં સને ૨૦૦૧ અગાઉ તથા ત્યારબાદ અને હાલમાં કયા કયા બ્લોક નંબર રીઝર્વેશનમાં મુકાયેલા છે. તે નંબરોની માહિતી આપવા બાબત તથા તેમ કરવાના મિલકત નંબર સહિતનાં ફેરફારોના કારણોની માહિતી આપવા બાબત વિગેરે તમામ રેકર્ડની સહી સિકકાવાળી નકલ આપવા બાબતે ડે.કમિ.(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ટીપીડી /આ / ૧૧૭/ આરટીઆઈ તા. ૧૪–૬–૧૧થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા **તથા અરજદારે માંગેલ માહિતી રીઝર્વેશન–સંબંધી તેમ કરવાના ફેરફારના કારણો તથા રેકર્ડની નકલો પ્રશ્ન હેઠળ બાબતના ઉપલબ્ધ છે કે કેમ ? તે અંગે પણ હકીકત જણાવવા તથા અરજદારના લેટ પોસ્ટ કરવાના દાવા અંગે પણ સ્પષ્ટતા કરવા પત્ર** નં.આરટીઆઈ સેલ/૬૮૧ તા.૨૪–૮–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તેમણે જાહેર માહિતી અધિકારીના પત્ર મુજબ ખુટતી સ્પષ્ટતા કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અીધકારી તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૨૫૬ તા.૨–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૬૮ તા.૨૦–૫–૧૧ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન અને ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગ વિભાગને અરજી તબદીલ કરેલ પત્રની નકલ, ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૩૧ તા.૩૦–૫–૧૧ ના રોજ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીપીડી/આ/૧૧૭ તા.૧૪–૬–૧૧ ના પત્રની નકલ તથા સદર અરજી બાબતે અત્રેથી કરવામાં આવેલ અપીલ નં. **SMC/FAP/** નં.૧૫૦/૨૦૧૧–૧૨ તા.૫–૭–૧૧ બાબતે કરેલ હુકમ નં.આરટીઆઈ સેલ/૭૬૧ તા.૧૮–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદારની તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૯–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૬૮ તા.૨૦–૫–૧૧ થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન અને ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગ વિભાગને અરજી તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./ ૧૩૧ તા.૩૦–૫–૧૧ ના રોજ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આંન.૧૧૭ તા.૧૪–૬–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ અને બાકીની વિગતો સ્પષ્ટ થતી ન હોય નકલો બાબતે પ્રશ્ન રહેતો નથી તેવું જણાવેલ. જે અંગે અરજદારે તા.૫–૭–૧૧ થી કોઈ નિર્ણય મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી કરેલ હુકમ નં.આરટીઆઈ સેલ/૭૬૧ તા.૧૮–૮–૧૧ થી અરજદારની તા. ૧૯–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેથી અપીલ અરજી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. પરંતુ અરજદાર ઈચ્છુક હોય તો

બાકીની વિગતો અંગે જાહેર માહિતી અધિકારી સમક્ષ સ્પષ્ટતા કરી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ –૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. '' તેવો હુકમ કરવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે તા.૧૨–૮–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજથઈ તા.૧૨–૮–૧૧ ના રોજ પુનઃ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે તા.૧૪–૬–૧૧ ની જુની તારીખ લખીને તે દિવસે હુકમ થયો હોય તેવું દર્શાવેલ છે વાસ્વતમાં ત્યાં સુધી તેવો કોઈ હુકમ થયેલ નહીં હુકમ પોસ્ટની તા.૧૨–૭–૧૧ ની તારીખ તથા સિકકા પરથી સચ્ચાઈ માલુમ પડે છે હુકમ પોસ્ટ થયાની તારીખ તા.૧૨–૭–૧૧ થીતા.૧૬–૭–૧૧ ના રોજ મળેલ છે. જેથી તે મુજબ છેલ્લી તા.૧૫–૮–૧૧ અપીલ કરવાની થાય અને તે મુજબ અપીલ કર્યાનું જણાવેલ છે. હકીકતને અનુલક્ષી અપીલ નિયત સમય અવધિમાં ગણવામાં આવેલ છે. પરંતુ અરજદારને અપીલ તબકકે અત્રેથી આરટીઆઈ સેલ/૬૮૧ તા.૨૪–૮–૧૧ થી જાહેર માહિતી અધિકારીના પત્ર મુજબ ખૂટતી સ્પષ્ટતા કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કમે? તે સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. તે અંગે અરજદારે કોઈ પ્રકાશ પાડેલ નથી. આથી અરજદારની સદર અરજી બાબતે અત્રેથી અપીલ નં. **SMC/FAP/** નં.૧૫૦/૨૦૧૧–૧૨ તા.૫–૭–૧૧ ની અપીલ બાબતે કરેલ હુકમ નં.આરટીઆઈ સેલ/૭૬૧ તા.૧૮–૮–૧૧ કાયમ રહેવા પામે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૯–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેથી અપીલ અરજી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. પરંતુ અરજદાર ઈચ્છુક હોય તો બાકીની વિગતો અંગે જાહેર માહિતી અધિકારી સમક્ષ સ્પષ્ટતા કરી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ –૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલ